NLC India Limited is pleased to announce that Shri Sanoj Kumar Jha, IAS, Additional Secretary, Ministry of Coal, Government of India, has been entrusted with the additional charge of Chairman and Managing Director (CMD) of NLC India Limited. A distinguished officer of the Indian Administrative Service, Shri Sanoj Kumar Jha brings with him rich administrative experience and an in-depth understanding of the coal and energy sectors. His extensive experience in policy formulation, strategic planning, and governance is expected to further strengthen NLCIL's ongoing transformation into a diversified energy company with a growing portfolio in mining, power generation, and renewable energy.

The Board of Directors, employees, and all stakeholders of NLC India Limited extend a warm welcome to Shri Sanoj Kumar Jha and look forward to his guidance in steering the Company towards new milestones of operational excellence, sustainable growth, and value creation.

MAJ GEN G SRINIVAS ASSUMES COMMAND AS GENERAL OFFICER COMMANDING, TELANGANA & ANDHRA SUB AREA (TASA), INDIAN ARMY

Senior Indian Army officer Maj Gen G Srinivas assumed the appointment of General Officer Commanding (GOC), Telangana & Andhra Sub Area (TASA) on 01 July 2026.

He is an alumnus of the National Defence Academy, Khadakwasla and Indian Military Academy, Dehradun. He did his early schooling from Sainik School, Korukonda. He was commissioned into Regiment of Artillery in 1990.

A graduate of National Defence College, the officer holds M Phil in Defence and Security Studies and M Phil in Management Studies.

GENERAL DHIRAJ SETH PAYS HOMAGE AT NATIONAL WAR MEMORIAL, REVIEWS GUARD OF HONOUR AND OUTLINES PRIORITIES AS COAS

A day after assuming charge as the 31st Chief of the Army Staff, General Dhiraj Seth paid solemn homage to the brave-hearts who made the supreme sacrifice in the service of the nation at the National War Memorial.

General Dhiraj Seth, who assumed the appointment of Chief of the Army Staff on the afternoon of 30 June 2026, laid a wreath at the National War Memorial and paid tributes to the fallen soldiers, whose courage, devotion to duty and selfless service continue to inspire generations. Thereafter, the Chief of the Army Staff reviewed a Guard of Honour at the South Block Lawns. Following the ceremonial Guard of Honour, General Seth addressed the media and outlined his priorities for the Indian Army. In his media interaction, the Chief of the Army Staff said that it was a moment of great pride and humility for him to assume the responsibility of leading the Indian Army. He reaffirmed his unwavering commitment to the ideals of "Duty, Honour and Nation First" and expressed gratitude to the Hon'ble Prime Minister and the Hon'ble Raksha Mantri for reposing their trust in him.

CENTRAL BANK OF INDIA, CHENNAI R.O., LAUNCHES MISSION SAMPOORNA RE-KYC DRIVE

Central Bank of India, Chennai Regional Office as a part of launch of campaign on mission mode by managing director today in Mumbai, is conducting *MISSION Sampoorna Re-KYC Camp* across all its branches from 06.07.2026 to 10.07.2026 to facilitate timely updation of KYC details for customers. The ongoing campaign has received an encouraging response, with dedicated branch officials assisting customers in completing their Aadhaar-based, paperless Re-KYC through the Bank's digital platform. Eligible customers can conveniently update their KYC from the comfort of their homes using their registered mobile numbers, while branches continue to provide assistance to those requiring support.

OFFICERS TRAINING ACADEMY UNVEILS PUBLICITY DISPLAY AT OTA-NANGANALLUR METRO STATION, CHENNAI

Colourful publicity displays about the long history and legacy of the Indian Army's Officers Training Academy at St Thomas Mount in Chennai and the ways of entering the prestigious institution have been installed at the OTA - Nanganallur Road Metro Station. They were unveiled on 04 July, 2026 by Lt Gen Michael AJ Fernandez, PVSM, AVSM, VSM, Commandant of the Officers Training Academy (OTA). The displays, installed to increase public awareness about OTA Chennai and highlight career opportunities in the Indian Army, were formally dedicated at a formal ceremony held at the Metro Station. The event was attended by Maj Gen S Murugesan, VSM (Deputy Commandant OTA), Maj Gen RM Srinivas (Chief of Staff, HQ Dakshin Bharat Area, Indian Army), Mr Archunan, Director - Projects, Chennai Metro Rail Ltd (CMRL), Mr Krishnamoorthy, Director Finance, CMRL alongside senior officers of OTA Chennai and local military units.

REPCO BANK ORGANISES MEDICAL CAMP AT KOYAMBEDU MARKET

Repco Bank Charm Koyambedu Branch in association with Lifeline Multispeciality Hospital has conducted Medical Camp in Koyambedu Market Management Committee Office on 4.7.26.

વરસાદી માહોલ વચ્ચે ગુજરાતનું આરોગ્ય તંત્ર 'અલર્ટ મોડ' પર: આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં યોજાઈ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક

● અમદાવાદ, તા. ૭

ગુજરાતમાં હાલમાં ચાલી રહેલા ભારે વરસાદને પગલે રોગચાળાની ભીતિ સેવાય છે ત્યારે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં આજે આરોગ્ય વિભાગના તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓની આરોગ્ય વિષયક સ્થિતિ અને દવાઓની ઉપલબ્ધતા અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે વરસાદની મોસમમાં પાણીજન્ય રોગો અને ઝેરી જીવજંતુ કરડવાના કિસ્સાઓ વધુ બનતા હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓમાં જરૂરી તમામ દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત જો કોઈ વિસ્તારમાં દવા ખૂટે, તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાંથી તાત્કાલિક દવા મળી રહે તેવી મજબૂત વ્યવસ્થા કરવામાં આવી છે, તેમજ તમામ આરોગ્ય કેન્દ્રો પર તબીબો અને પેરામેડિકલ સ્ટાફની ટીમો ૨૪ કલાક સેવામાં હાજર રાખવામાં આવી છે.

વધુમાં ઉમેર્યું હતું કે, ખાસ કરીને જ્યાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે તેવા અમરેલી, રાજુલા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તાર તેમજ સુરત, નવસારી, વલસાડ અને દક્ષિણ ગુજરાતના આસપાસના જિલ્લાઓમાં આરોગ્ય તંત્રને વિશેષ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારે સમગ્ર સ્થિતિને ખૂબ જ ગંભીરતાપૂર્વક લીધી છે અને તમામ જિલ્લાઓમાં આરોગ્યની ટીમોને એલર્ટ કરી દેવામાં આવી છે.

હાલ રાજ્યમાં કોઈ જ ગંભીર બાબત કે ચિંતાજનક પરિસ્થિતિ નથી. નાગરિકોની સુરક્ષા માટે અગમચેતીના ભાગરૂપે જ આજે આ બેઠક બોલાવીને દરેક જિલ્લાનો તાગ મેળવવામાં આવ્યો છે.

યુ. એન. મહેતા હોસ્પિટલની ડ્રેનેજમાં દુર્ઘટના, એકના મોતનો આક્ષેપ

● અમદાવાદ, તા.૭

અસારવા સ્થિત સિવિલ મેડિસિટી કેમ્પસમાં આવેલી યુ.એન. મહેતા હોસ્પિટલમાં ડ્રેનેજ લાઈનની સફાઈ દરમિયાન ગંભીર દુર્ઘટના સર્જાતા એક કર્મચારીના મોતનો આક્ષેપ થયો છે. ઘટનાને લઈને હોસ્પિટલમાં ભારે રોષ ફેલાયો છે અને સુરક્ષા વ્યવસ્થાના અભાવનો વિરોધ કરતાં હાઉસકીપિંગ સ્ટાફ હડતાળ પર ઉતરી ગયો છે. સમગ્ર મામલે હોસ્પિટલ તંત્ર, પોલીસ અને ફાયર વિભાગે તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર હોસ્પિટલના બેઝમેન્ટમાં આવેલી ડ્રેનેજ લાઈનની સફાઈ માટે કોન્ટ્રાક્ટ પર કામ કરતા ત્રણ કર્મચારીઓને ઉતારવામાં આવ્યા હતા. આક્ષેપ છે કે તેમને જરૂરી સુરક્ષા સાધનો, ગેસ ડિટેક્ટર, ઓક્સિજન સપોર્ટ કે અન્ય સેફ્ટી કિટ ઉપલબ્ધ કરાવવામાં આવી નહોતી. ડ્રેનેજમાં ઝેરી ગેસના કારણે ગૂંગળામણ થતાં ત્રણેય કર્મચારીઓ બેભાન થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ ત્રણેય કર્મચારીઓને ડ્રેનેજમાંથી બહાર કાઢીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન એક કર્મચારીનું મોત થયું હોવાના આક્ષેપો સામે આવ્યા છે, જ્યારે અન્ય બે કર્મચારીઓની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, અધિકૃત રીતે મૃત્યુ અંગેની પુષ્ટિ સંબંધિત તંત્ર દ્વારા કરવામાં આવવાની બાકી છે.

ઘટના બાદ હાઉસકીપિંગ સ્ટાફ અને અન્ય કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કર્મચારીઓએ કોન્ટ્રાક્ટર પર ગંભીર બેદરકારીનો આરોપ મૂકતાં જણાવ્યું કે પૂરતી સુરક્ષા વ્યવસ્થા વિના કામ કરાવવાના કારણે આ દુર્ઘટના બની છે. વિરોધ સ્વરૂપે સમગ્ર હાઉસકીપિંગ સ્ટાફ હડતાળ પર ઉતરી ગયો છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી, મૃતકના પરિવારને વળતર તેમજ તમામ સફાઈ કર્મચારીઓ માટે ફરજિયાત સુરક્ષા સાધનો ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. હાલ પોલીસ અને હોસ્પિટલ તંત્ર દ્વારા સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે તેમજ કર્મચારીઓ સાથે ચર્ચા કરીને પરિસ્થિતિ સામાન્ય બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

૮ કલાકમાં ૧૦ ઇંચ વરસાદથી સુરત જળબંબાકાર, વાહન વ્યવહાર ઠપ્પ

માર્કેટ બહાર પાણીનો દરિયો, કરોડોના માલસામાન બચાવવા વેપારીઓની દોડધામ

● સુરત, તા.૭

સુરત શહેરમાં સતત બીજા દિવસે પડેલા ધોધમાર વરસાદના કારણે ગોડાદરા વિસ્તારમાં આવેલી છદ્ગસ્ માર્કેટ બહાર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. માર્કેટના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાઈ જતાં વેપારીઓમાં ચિંતા ફેલાઈ હતી. દુકાનો અને ગોડાઉનમાં રહેલો કરોડો રૂપિયાનો માલસામાન પાણીથી બગડી ન જાય તે માટે વેપારીઓએ તાત્કાલિક પગલાં લઈ દુકાનોના પ્રવેશદ્વાર પાસે આડશો ઊભી કરીને પાણી રોકવાના પ્રયાસો કર્યા હતા.

ભારે વરસાદના કારણે રસ્તા પર પાણીનું સ્તર એટલું વધી ગયું હતું કે ટ્રક સહિત અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા. કેટલાક વાહનોના પૈડાંથી લઈને અડધા ભાગ સુધી પાણી ભરાઈ જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પાણી ભરાવાને કારણે આ વિસ્તારમાં થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલી આ માર્કેટમાં વરસાદની સીધી અસર વેપાર-ધંધા પર જોવા મળી હતી. પાર્કિંગ વિસ્તાર અને ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોમાં પાણી ન ઘૂસે તે માટે વેપારીઓ અને કર્મચારીઓએ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી. કેટલાક લોકો પાણી બહાર કાઢતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક વેપારીઓ લાકડાં, પ્લાસ્ટિક અને અન્ય સામગ્રીની મદદથી અસ્થાયી બેરિકેડ બનાવી પાણી રોકવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

સતત વરસાદને કારણે સુરતના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. આ સ્થિતિને કારણે ફરી એકવાર સુરત મહાનગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા છે. દર વર્ષે વરસાદ પહેલાં ડ્રેનેજ સફાઈ અને પાણીના નિકાલ માટે પૂરતી તૈયારીના દાવા કરવામાં આવે છે, પરંતુ ભારે વરસાદ દરમિયાન અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો અને વેપારીઓને નુકસાનનો સામનો કરવો પડે છે.પાલિકા તંત્રનું કહેવું છે કે વરસાદની તીવ્રતા વધુ હોવાના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા છે અને પાણીના નિકાલ માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં ચોમાસા સાથે રોગચાળાનો કહેર

અમદાવાદમાં ઝાડા-ઉલ્ટીના ૯૬ અને ટાઈફોઈડના ૬૦ કેસ નોંધાયા

દૂષિત પાણી સામે તંત્ર એલર્ટ; ૧૩૦૦ પાણીના સેમ્પલમાંથી ૪ અનફિટ, વિસ્તારોમાં ક્લોરિનેશન શરૂ

● અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં ચોમાસાની શરૂઆત થતાં જ પાણીજન્ય રોગચાળાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. વરસાદી માહોલ વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના ચોપડે જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં ઝાડા-ઉલ્ટીના ૯૬ કેસ નોંધાયા છે. આ ઉપરાંત કમળાના ૯ અને ટાઈફોઈડના ૬૦ કેસ સામે આવતા આરોગ્ય તંત્ર સક્રિય બન્યું છે.

દૂષિત પાણી અને અસ્વચ્છતાના કારણે રોગચાળો ફેલાવાની શક્યતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ શરૂ કરવામાં આવી છે. આરોગ્ય ટીમો દ્વારા પાણીના સેમ્પલ લેવામાં આવી રહ્યા છે અને પીવાના પાણીની ગુણવત્તા ચકાસવામાં આવી રહી છે.રોગચાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આશરે ૧૩૦૦ પાણીના સેમ્પલની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૪ સેમ્પલ પીવા માટે અયોગ્ય એટલે કે અનફિટ જાહેર થયા છે. જે વિસ્તારોમાં પાણીના સેમ્પલ અનફિટ મળ્યા છે ત્યાં તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે.તંત્ર દ્વારા લોકોને ઉકાળેલું પાણી પીવાની, ખુલ્લામાં વેચાતી ખાદ્ય વસ્તુઓ ટાળવાની અને સ્વચ્છતા જાળવવાની અપીલ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ક્લોરિનની ગોળીઓનું વિતરણ પણ શરૂ કરવામાં આવ્યું છે.

સ્માર્ટ સિટીના કંટ્રોલ રૂમમાં મળતી દૂષિત પાણી અને ગંદકીની ફરિયાદોના આધારે આરોગ્ય વિભાગની ટીમો સ્થળ પર પહોંચી તપાસ કરી રહી છે. સોસાયટીઓ અને ચાલીઓમાં પાણીની ચકાસણી સાથે જરૂરી આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે.આગામી દિવસોમાં રોગચાળાને કાબૂમાં લેવા માટે પાણીના સેમ્પલિંગ, ક્લોરિનેશન અને ફીલ્ડ ચેકિંગની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે.

દમણગંગા નદીમાં પ્રતિ કલાક ૩૧,૯૭૨ ક્યુસેક પાણી છોડાયું; નદી બંને કાંઠે વહેતા તંત્ર એલર્ટ પર

મધુબન ડેમમાં પાણીની ભારે આવક, ૬ દરવાજા ખોલાયા

● વલસાડ, તા.૭

દક્ષિણ ગુજરાત અને ઉપરવાસના વિસ્તારોમાં વરસી રહેલા ભારે વરસાદની અસર હવે જળાશયો પર જોવા મળી રહી છે. વલસાડ જિલ્લાના મધુબન ડેમમાં પાણીની આવકમાં ભારે વધારો થતાં ડેમના ૬ દરવાજા ખોલવાની ફરજ પડી છે. ડેમની સપાટી ૭૨.૨૫ મીટર સુધી પહોંચતા સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મધુબન ડેમના કેચમેન્ટ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા મુશળધાર વરસાદના કારણે જળસ્તરમાં ઝડપથી વધારો થયો હતો. ડેમમાં પાણીની આવક સતત વધતા નિયમન સ્તર જાળવવા માટે ડેમના ૬ દરવાજા આશરે ૧.૪૦ મીટર સુધી ખોલવામાં આવ્યા છે. દરવાજા ખોલતાં જ દમણગંગા નદીમાં પાણીનો પ્રવાહ તેજ બન્યો છે.હાલમાં દમણગંગા નદીમાં દર કલાકે અંદાજે ૩૧,૯૭૨ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીનો જોરદાર પ્રવાહ આવતા નદી બંને કાંઠે વહેતી જોવા મળી રહી છે. ઉપરવાસમાં વરસાદ ચાલુ રહે તો નદીમાં પાણીનો પ્રવાહ હજુ વધવાની શક્યતા તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

ડેમમાંથી પાણી છોડવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ સક્રિય થઈ ગયા છે. નદી કિનારાના ગામો તેમજ વાપી, દમણ અને સેલવાસના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

તંત્ર દ્વારા લોકોને નદીના પટમાં ન જવા, પાણીના પ્રવાહથી દૂર રહેવા અને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે. કોઈપણ કટોકટીની સ્થિતિનો સામનો કરવા માટે પોલીસ, ફાયર બ્રિગેડ અને બચાવ ટીમોને બોટ તથા લાઈફ જેકેટ સાથે તૈયાર રાખવામાં આવી છે.હાલ ડેમ અને નદીની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા પાણીના સ્તર અને વરસાદની સ્થિતિ અનુસાર આગળના નિર્ણયો લેવામાં આવશે.

ટાટ પાસ ન મળે તો યુજી-પીજી પાસને પણ જ્ઞાન સહાયકમાં તક મળશે

● અમદાવાદ, તા. ૭

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯થી ૧૨ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયકોની ભરતી માટે અગાઉના જુલાઈ ૨૦૨૩ અને જુલાઈ ૨૦૨૫ના ઠરાવો રદ કરીને નવો સંકલિત ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસાર જે તે વર્ષના લાયક 'ટાટ' (ટીએટી) પાસ ઉમેદવારો નહીં મળે, તો અગાઉના વર્ષોમાં ટાટ પાસ કરનારા ઉમેદવારોને પણ તક અપાશે. જો જૂના ટાટ પાસ ઉમેદવારો પણ ઉપલબ્ધ નહીં હોય, તો માધ્યમિક શાળા માટે સ્નાતક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે પીજી (અનુસ્નાતક) પાસ ઉમેદવારોને પણ જ્ઞાન સહાયક બનવાની તક મળશે.

આ ઉપરાંત, સરકારે એક અન્ય મહત્ત્વનો સુધારો કરીને વયમર્યાદામાં પણ વધારો કર્યો છે, જેમાં હવે માધ્યમિક શાળા માટે ઉંમરની મર્યાદા વધારીને ૪૮ વર્ષ અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ૫૦ વર્ષની કરવામાં આવી છે.

નોંધનીય છે કે રાજ્યની ધોરણ ૯થી ૧૨ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે વર્ષ ૨૦૨૩માં કાયમી ભરતીના બદલે 'જ્ઞાન સહાયક યોજના' શરૂ કરી હતી. જુલાઈ ૨૦૨૩ના પ્રથમ ઠરાવ અનુસાર, આ યોજના હેઠળ ૧૧ મહિનાના કરાર પર જ્ઞાન સહાયકોની ભરતી કરવા માટે 'ટાટ' પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરવામાં આવી હતી.

આ નિયમ મુજબ, માધ્યમિક શાળા માટે ટાટ સેકન્ડરીની અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ટાટ હાયર સેકન્ડરીની પ્રિલિમ તથા મેઈન એમ બંને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને જ પાત્ર ગણવામાં આવે છે અને સરકાર દ્વારા દર વર્ષે આવી નવી ભરતી કરીને ૧૧ મહિનાના કરાર પર જ્ઞાન સહાયકો લેવામાં આવે છે.

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં પાણી ભરાવાના કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે

● મુંબઈ, તા. ૭

પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં ભારે વરસાદને કારણે સફાલે, કેલ્વે રોડ, વસઈ રોડ અને નાલાસોપારા સ્ટેશનો વચ્ચે પાણી ભરાઈ ગયા છે, જેના કારણે રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો

- ટ્રેન નં. ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) સુરત સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવી છે.
- ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ (તારીખ ૦૭.૦૭.૨૦૨૬) સુરત સ્ટેશનથી ટૂંકી ઉપડશે.
- ટ્રેન નં. ૧૨૦૧૦ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) સુરત સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવી છે અને સુરત - મુંબઈ સેન્ટ્રલ વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નં. ૨૨૯૫૬ ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ (તારીખ ૦૫.૦૭.૨૦૨૬) દહાણુ રોડ સ્ટેશન પર ટૂંકા ગાળા માટે રવાના થશે અને ટ્રેન નં. ૨૨૯૫૫ બાંદ્રા ટર્મિનસ-ભુજ કચ્છ એક્સપ્રેસ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) દહાણુ રોડ સ્ટેશનથી ટૂંક સમયમાં રવાના થશે.
- ટ્રેન નં. ૦૯૦૩૮ ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ (તારીખ ૦૫.૦૭.૨૦૨૬) ઘોલવડ સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવી છે.

સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો

- ટ્રેન નંબર ૧૨૯૦૧ દાદર-અમદાવાદ ગુજરાત મેલ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૨૯૦૨ અમદાવાદ-દાદર ગુજરાત મેલ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ (તારીખ ૦૭.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નં. ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ, તારીખ (૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ - હાપા દુરંતો એક્સપ્રેસ, તારીખ (૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નંબર ૦૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ, (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.
- ટ્રેન નંબર ૨૨૯૨૮ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ (તારીખ ૦૬.૦૭.૨૦૨૬) રદ રહેશે.

મહાવીર સોસાયટી નજીક સર્જાઈ ઘટના, ફાયર બ્રિગેડનું સર્ચ ઓપરેશન ચાલુ

સુરતમાં રમતા રમતા બે માસૂમ બાળકો પડી જતાં દુર્ઘટના સર્જાઈ

● સુરત, તા.૭

સુરતના સચિન ચૈંઝ્ઝ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વરસાદી પાણીથી ભરાયેલા ઊંડા ખાડામાં રમતા રમતા બે માસૂમ બાળકો પડી જતાં દુર્ઘટના સર્જાઈ છે. ઘટનામાં શ્રેયા અને ક્રિષ્ણા નામના બે બાળકો ડૂબી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બંને બાળકોની શોધ માટે સુરત ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.સચિન ચૈંઝ્ઝ વિસ્તારમાં આવેલી મહાવીર સોસાયટી નજીક આ ઘટના બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, બંને બાળકો રમવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. દરમિયાન તેઓ વરસાદી પાણીથી ભરાયેલા ખાડા પાસે પહોંચ્યા હતા અને રમતા રમતા તેમાં પડી ગયા હતા. ખાડામાં પાણીનું પ્રમાણ વધારે અને ઊંડાઈ વધુ હોવાના કારણે બાળકો બહાર આવી શક્યા નહોતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ખાડો અગાઉ છઠ પૂજાના આયોજન માટે ખોદવામાં આવ્યો હતો. ભારે વરસાદના કારણે તેમાં મોટી માત્રામાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે તે જોખમી બની ગયો હતો. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં જ તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની માહિતી મળતા જ સુરત ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના જવાનો દ્વારા પાણી ભરેલા ખાડામાં બંને બાળકોને શોધવા માટે સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે. રેસ્ક્યુ ટીમ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ દુર્ઘટનાને પગલે વિસ્તારમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું છે. બાળકોના પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પરિવારના સભ્યો આક્રંદ કરી રહ્યા છે અને સમગ્ર વિસ્તારમાં કરુણ દૃશ્યો જોવા મળી રહ્યા છે.

હાલ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. આ ખાડો કેવી રીતે ખુલ્લો રહ્યો અને તેની સુરક્ષા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં, તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી શકે છે. સ્થાનિક તંત્ર દ્વારા આવી જોખમી જગ્યાઓ અંગે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

૫ ડેમમાં પાણીનો જથ્થો ૧૦૦ ટકાને પાર, નર્મદા ડેમમાં પણ જળસ્તર સતત વધી રહ્યું છે

ગુજરાતના ૧૧ ડેમ હાઈ એલર્ટ પર, વધતી પાણીની આવકને પગલે તંત્ર સજ્જ

● અમદાવાદ, તા.૭

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ વરસાદી માહોલ તેજ બન્યો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદના કારણે જળાશયોમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. વધતા જળસ્તરને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. હાલ રાજ્યના ૧૧ ડેમને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે, જ્યારે ૩ ડેમ માટે એલર્ટ અને અન્ય ૧૧ ડેમ માટે ચેતવણી જાહેર કરવામાં આવી છે.રાજ્યના જળાશયોની સ્થિતિ પર નજર કરીએ તો હાલ ગુજરાતના કુલ ૨૦૬ ડેમોમાં ૨,૨૫,૧૨૬ મિલિયન ક્યુબિક ફૂટ જેટલો પાણીનો સંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૦.૩૫ ટકા જેટલો છે.

હાલ રાજ્યના ૫ ડેમમાં પાણીનો જથ્થો ૧૦૦ ટકાથી પણ વધી ગયો છે, જ્યારે ૧૭ ડેમોમાં ૭૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ નોંધાયો છે. વરસાદી સ્થિતિને જોતા તંત્ર દ્વારા તમામ જળાશયો પર સતત નજર રાખવામાં આવી રહી છે.રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં પણ પાણીની આવક સતત ચાલુ છે. હાલમાં ડેમની જળ સપાટી ૪૫૪.૯૮ ફૂટ સુધી પહોંચી છે. ડેમમાં કુલ ૨,૧૭,૧૬૮ મિલિયન ક્યુબિક મીટર જેટલો પાણીનો સંગ્રહ થયો છે, જે તેની કુલ ક્ષમતાના ૬૫.૦૧ ટકા જેટલો છે.

નર્મદા ડેમમાં હાલ ૧૦,૬૪૫.૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે ૬૧૮.૫ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખીને સિંચાઈ વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.વરસાદી માહોલ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના પગલાં તેજ કરવામાં આવ્યા છે. ખાસ કરીને હાઈ એલર્ટ પર રહેલા ડેમોના ઉપરવાસમાં વરસાદને કારણે પાણીની આવકમાં વધારો થવાની શક્યતા હોવાથી અધિકારીઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

GRAND MERCURE SURYA PALACE

જીંદાલ હોટેલ્સ લિમિટેડ

CIN : L18119GJ1984PLC006922
રજીસ્ટર્ડ ઓફિસ : ગ્રાન્ડ મરક્યોર વડોદરા સુર્યા પેલેસ, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૨૦. ફોન : ૦૨૬૫-૨૩૬૩૩૬૬ / ૨૨૨૬૦૪૪ / ૨૨૨૬૦૦૦
Email ID : share@suryapalace.com Website : www.suryapalace.com

શેરધારકોને સૂચના
ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના રિ-લોજમેન્ટ માટેની વિશેષ વિન્ડો

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી ના તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 ના સંદર્ભમાં તારીખ ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં વેચાયેલી / ખરીદેલી ભૌતિક સીક્યુરીટીઝની તબદિલી અને ડિમટીરિયાલાઈઝેશન માટેની વિશેષ વિન્ડો ફરી ખોલવામાં આવી છે. **આ વિશેષ વિન્ડો તારીખ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તારીખ ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી, એક વર્ષ ના સમયગાળા માટે ખુલ્લી રહેશે.** આ વિશેષ વિન્ડો એવી તબદિલી વિનંતીઓ માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો / પ્રક્રિયામાં ખામીને કારણે અથવા અન્યથા નકારવામાં આવી હતી / પરત મોકલવામાં આવી હતી.

તદ્નુસાર, તારીખ ૧૫ મે, ૨૦૨૬ના રોજ પ્રકાશિત સૂચના દ્વારા અગાઉ વિનંતી કરવામાં આવી હતી, તે પ્રમાણે લાયક શેરધારકો ઉપરોક્ત પરિપત્રમાં જણાવ્યા મુજબ જરૂરી દસ્તાવેજો સાથે તેમની તબદિલી વિનંતીઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ફોન નં. ૦૨૬૫ - ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com ખાતે જમા કરાવવા વિનંતી છે.

તબદિલી માટે ફરીથી નોંધાયેલા શેર, ફક્ત ડિમેટ મોડમાં તબદિલીથી લેનારને જમા કરવામાં આવશે અને તબદિલીથીની નોંધણી તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. આવી સીક્યુરીટીઝ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન તબદિલ / લીયન-માર્ક્ડ / ગીરવે મુકી શકાશે નહીં.

જીંદાલ હોટલ્સ લિમિટેડ વતી
સહી/-
માનસી વ્યાસ
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : વડોદરા
તારીખ : ૦૭ જુલાઈ, ૨૦૨૬

વડોદરા સ્ટેશન પર પ્લેટફોર્મ વિસ્તરણ માટે સિવિલ વર્કના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

● વડોદરા, તા. ૭

રેલ કામગીરીના આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરીને, પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગે તાજેતરમાં વડોદરા સ્ટેશન પર વ્યાપક સિગ્નલિંગ અપગ્રેડેશન અને યાર્ડ રિ-મોડેલિંગનું કાર્ય લગભગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. ૩૪ વર્ષ જૂની સિમેન્સ દ્વારા નિર્મિત રૂટ રિલે ઈન્ટરલોકિંગ (RRI) સિસ્ટમને અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) સિસ્ટમ દ્વારા બદલવામાં આવી હતી, જે ૦૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવી હતી. હાલમાં, પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ના વિસ્તરણ માટે સિવિલ કાર્ય ચાલી રહ્યું છે, જેના માટે બ્લોક લેવામાં આવી રહ્યો છે, પરિણામે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પોસ્ટ નોન ઈન્ટરલોકિંગ કાર્ય હેઠળ પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ના વિસ્તરણ માટે સિવિલ વર્ક વગેરે માટે બ્લોક લેવામાં આવશે, જેના પરિણામે વિશ્વામિત્રી (VS), બાજવા (BJW), છાયાપુરી (CYI), પ્રતાપનગર (PRTN) અને મકરપુરા (MPR) સ્ટેશનો પર નીચેની કેટલીક ટ્રેનોના ટૂંકા ટર્મિનેશન/ટૂંકી શરૂઆતનો સમય ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવશે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનો :-

૧. ટ્રેન નંબર ૧૯૮૧૯વડોદરા - કોટા એક્સપ્રેસ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશનથી ઉપડશેઅને વડોદરા - છાયાપુરી વચ્ચે રદ રહેશે.

૨. ટ્રેન નં. ૧૯૮૨૦કોટા-વડોદરા એક્સપ્રેસ તારીખ ૦ ૮ અને ૯જુલાઈ ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશેઅને છાયાપુરી-વડોદરા વચ્ચે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૧૯૦૩૬અમદાવાદ - વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને બાજવા - વડોદરા વચ્ચે રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૧૯૦૩૫વડોદરા - અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી ઉપડશેઅને વડોદરા - બાજવા વચ્ચે રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૬૯૧૧૭વડોદરા - દાહોદ મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - છાયાપુરી વચ્ચે રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૬૯૧૧૯વડોદરા - દાહોદ મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - છાયાપુરી વચ્ચે રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૬૯૧૨૧વડોદરા - ગોધરા મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - છાયાપુરી વચ્ચે રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૬૯૧૦૧વડોદરા - વટવા મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - બાજવા વચ્ચે રદ રહેશે.

૯. ટ્રેન નંબર ૬૯૧૧૫વડોદરા - વટવા મેમુ ૦૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - બાજવા વચ્ચે રદ રહેશે.

૧૦. ટ્રેન નંબર ૬૯૧૧૩વડોદરા - વટવા મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - બાજવા વચ્ચે રદ રહેશે.

૧૧. ટ્રેન નંબર ૬૯૧૦૭વડોદરા - વટવા મેમુ ૯અને ૧૦જુલાઈ ૨૦૨૬ ના રોજ બાજવા સ્ટેશનથી ટૂંકી ઉપડશેઅને વડોદરા - બાજવા વચ્ચે રદ રહેશે.

૧૨ ટ્રેન નં. ૬૯૧૦૯સુરત - વડોદરા મેમુ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ વિશ્વામિત્રી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને વિશ્વામિત્રી - વડોદરા વચ્ચે રદ રહેશે.

૧૩. ટ્રેન નંબર ૬૯૧૧૧સુરત - વડોદરા મેમુ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ વિશ્વામિત્રી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને વિશ્વામિત્રી - વડોદરા વચ્ચે રદ રહેશે.

૧૪. ટ્રેન નંબર ૬૯૧૨૨ગોધરા - વડોદરા મેમુ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને છાયાપુરી - વડોદરા વચ્ચે રદ રહેશે.

૧૫. ટ્રેન નંબર ૬૯૧૨૦દાહોદ - વડોદરા મેમુ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને છાયાપુરી - વડોદરા વચ્ચે રદ રહેશે.

૧૬. ટ્રેન નંબર ૬૯૧૧૮ગોધરા - વડોદરા મેમુ ૯ અને૧૦ જુલાઈ૨૦૨૬ ના રોજ છાયાપુરી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને છાયાપુરી - વડોદરા વચ્ચે રદ રહેશે.

VOLTAMP VADODARA THE POWER OF INDUSTRY

વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લિમિટેડ

CIN: L31100GJ1967PLC001437
રજી. ઓફીસ : મકરપુરા, વડોદરા:૩૯૦૦૧૪, ગુજરાત (ઈન્ડીયા)
ફોન : Phone :+0265 6141403 / 6141480 / 3041480
ઈ-મેઈલ :sanket_act@voltamptransformers.com, વેબસાઈટ : www.voltamptransformers.com

૫૯મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ, ડિવિડન્ડ માટેની રેકોર્ડ ડેટ અને ઈ-વોટિંગ અંગેની માહિતી

આથી કંપનીના સભ્યોને નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યો ૫૯મી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર, જુલાઈ ૩૧, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે (IST) વીડિયો કોન્ફરન્સ ("VC") અથવા અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") ની સુવિધા દ્વારા યોજવામાં આવશે. આ સભ્યો કંપનીના અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ")ની જોગવાઈઓ અને તેના નિયમો, સામાન્ય પરિપત્ર ક્રમાંક ૧૪/૨૦૨૦ તારીખ ૦૮, ૨૦૨૦ અને તારીખ ૧૭/૨૦૨૦ તારીખ એપ્રીલ ૧૩, ૨૦૨૦, ત્યારબાદ સામાન્ય પરિપત્ર ક્રમાંક ૨૦/૨૦૨૦ તારીખ મે ૦૫, ૨૦૨૦, ૧૦/૨૦૨૦ તારીખ ડિસેમ્બર ૨૮, ૨૦૨૨, ૦૯/૨૦૨૦ તારીખ સપ્ટેમ્બર ૨૫, ૦૯/૨૦૨૪ તારીખ સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૪, અને તાજેતરના સામાન્ય પરિપત્ર ૦૩/૨૦૨૫ તારીખસપ્ટેમ્બર ૨૨, ૨૦૨૫ અને આ સંબંધમાં જારી કરાયેલા અનુગામી પરિપત્રો (સંયુક્ત રીતે "MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે) તેમજ SEBI દ્વારા પરિપત્ર ક્રમાંક SEBI/HO/CFD/CFD-PoD 2/P/CIR/2024/133 તારીખ ઓક્ટોબર ૩, ૨૦૨૪ અને અન્ય રીતે પડતા પરિપત્રો અને સુચનાઓ (જેમાં સમય-સમય પર કરવામાં આવેલા કોઈપણ વૈધાનિક સુધારા અથવા પુનઃ અધિનિયમોનો સમાવેશ થાય છે અને જે તે સમયે અમલમાં હોય) (ત્યારબાદ સંયુક્ત રીતે "પરિપત્રો" તરીકે ઓળખાય છે)અને અન્ય તમામ લાગુ પડતા કાયદાઓનું પાલન કરીને ૫૯મી વાર્ષિક સાધારણ સભાની નોટીસમાં દર્શાવેલ વ્યવસાયોના વ્યવહારો પૂર્ણ કરવા માટે યોજાશે.

પરિપત્રોના પાલન અંતર્ગત, સભામાં હાથ ધરવાના કાર્યોની વિગતો દર્શાવતી વાર્ષિક સાધારણ સભાની નોટીસ અને તેની સાથે જોડાયેલ સ્પષ્ટીકરણ નિવેદન તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેનો ૫૯મો વાર્ષિક અહેવાલ જે શેરધારકોના ઈમેલ આઈડી, ડીપોઝીટરી/કંપની પાસે નોંધાયેલ છે તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈમેલ) દ્વારા, મોકલી આપવામાં આવ્યા છે. વધુમાં કંપનીએ નોટીસ અને વાર્ષિક અહેવાલ પોતાની વેબસાઈટ www.voltamptransformers.com પર અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડની વેબસાઈય અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરીઝ લિમિટેડ ('NSDL'), જે કંપની દ્વારા રિમોટ ઈ-વોટિંગ, VC/OAVM દ્વારા AGMમાં ભાગ લેવા અને AGM દરમિયાન ઈ-વોટિંગની સુવિધા આપવા માટે નિયુક્ત કરાયેલી એજન્સી છે તેની વેબસાઈટ www.evoting.nsdl.com. પર પણ અપલોડ કરેલ છે.

ડિવિડન્ડના હેતુ માટેની રેકોર્ડ ડેટ :
SEBI LODR રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ મુજબ, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે શેરધારકોની ડિવિડન્ડ મેળવવાની પાત્રતા નક્કી કરવા માટે શુક્રવાર, જુલાઈ ૨૪, ૨૦૨૬ ને રેકોર્ડ ડેટ તરીકે નિશ્ચિત કરેલ છે,જે AGMમાં સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ અને સ્ત્રોત પર ટેક્સ કપાત ("TDS") ને આધીન ચૂકવવામાં આવશે.

રિમોટ ઈ-વોટિંગ અને AGM દરમ્યાન ઈ-વોટિંગ :
કંપની અધિનિયમ,૨૦૧૩ ની કલમ ૧૦૮, કંપનીઝ (સંચાલન અને વહિવટ) સુધારણા નિયમો, ૨૦૧૫, દ્વારા સુધારેલ નિયમ ૨૦ અને (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિકવારમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ અનુસાર :

૧. વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટીસ મોકલવાની પ્રક્રિયા ઈલેક્ટ્રોનિક્સ માધ્યમ દ્વારા ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ છે.
૨. રીમોટ ઈ-વોટીંગ નો સમય મંગળવાર, ૨૮મી જુલાઈ ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાકે (IST) થી શરૂ થઈ ગુરૂવાર ૩૦મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા (IST) પછી NSDL દ્વારા રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ નિષ્ક્રિય કરી દેવામાં આવશે.
૩. જે વ્યક્તિનું નામ શુક્રવાર, ૨૪મી જુલાઈ ૨૦૨૬ ની કટ-ઓફ તારીખ સુધીમાં સભ્યોના રજિસ્ટ્રારમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનિફિશિયલ ઓનર્સ (લાભાર્થી મેલિકો) ના રજિસ્ટરમાં નોંધાયેલુ હશે, તે જ વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ તેમજ સામન્ય સભામાં મતદાન કરવાની સુવિધા મેળવવા પાત્ર રહેશે.
૪. કોઈપણ વ્યક્તિ જે નોટીસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને કંપની ના સભ્ય બને છે અને કટ ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૨૪મી જુલાઈ ૨૦૨૬ ના રોજ શેર ધરાવે છે, તેઓ evoting@nsdl.co.in અથવા vadodara@in.mpms.mufg.com.પર વિનંતી મોકલીને લોગીન આઈ ડી અને પાસવર્ડ મેળવી શકે છે.
૫. સભ્યો AGM નોટીસમાં દર્શાવેલ ઈ-વોટિંગની સૂચનાઓ વાંચી શકે છે અને કોઇ પણ પ્રશ્નોના કિસ્સામાં, તેઓ સભ્યો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટેના ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે.
૬. સભ્યો ને એ પણ જણાવવામાં આવેછે કે :
   અ. જે સભ્યો VC / OAVM સુવિધા દ્વારા AGMમાં હાજર રહેશે અને જેમણે રીમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ એજીએમ દરમિયાન ઈ- વોટિંગ દ્વારા મત આપવા પાત્ર રહેશે.
   બ. જે સભ્યોએ એજીએમ પહેલાં રીમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી દીધો છે તેઓ પણ એજીએમમાં ભાગ લઈ શકે છે, પરંતુ તેઓ સભામાં ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહી.
૭. કંપનીની એજીએમની નોટીસ જેમાં ઈ-વોટિંગની પ્રક્રિયાની પધ્ધતી અને VC / OAVM સુવિધા દ્વારા એજીએમમાં હાજર રહેવાની રીત દર્શાવેલ છે, તે NSDL ની વેબસાઈટ https://www.evoting.nsdl.com, અને કંપનીની વેબસાઈટ www.voltamptransformers.com પર તેમજ સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડીયાની લિમિટેડની વેબસાઈટ અનૂક્રમે, www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.
૮. કોઈપણ પશ્નોના કિસ્સામાં, NSDL દ્વારા સિક્યોરીટીઝ ધરાવતા સભ્યો www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા ટોલ ફ્રી નંબર 022-48867000 પર કોલ કરી શકે છે. અથવા evoting.nsdl.co.in પર વિનંતી મોકલી શકે છે. CDSL દ્વારા સિક્યોરીટી ધરાવતા સભ્યો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૧-૦૯૯૧૧ પર કોલ કરી શકે છે. અથવા helpdesk.evoting@cdslindia.com પર મેઈલ મોકલી શકે છે, જેઓ ઈલેક્ટ્રોનીક મતદાન સંબંધિત ફરીયાદોનું નિવારણ કરશે.
૯. મે. વિજય ભટ્ટ એન્ડ કું. કંપની સેક્રેટરીઝના શ્રી વિજય ભટ્ટ (મેમ્બર શીપ નં. FCS: 4900) ને કંપનીના સભ્યો માટે મતદાન અને રીમોટ ઈ-વોટીંગ પ્રક્રિયાની ન્યાયી અને પારદર્શક રીતે તપાસ કરવા માટે સ્કૂટીનાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ વતી
સહી/-
સંકેત રાઠોડ
કંપની સેક્રેટરી અને કંપલાયન્સ ઓફીસર

સ્થળ : વડોદરા
તા. ૦૭/૦૭/૨૦૨૬